# કાંકરેજના શિહોરીમાં એટીએમ બંધ, પ્રજાને ભારે હાલાકી

## ટેકનિકલ ખામીઓને લઈ એટીએમ બંધ હાલતમાં સ્પેર પાર્ટસ બદલવા માટે તેમજ સેન્સર માટે ફોરમેન બોલાવાયો હોવાની ચર્ચા

કાંકરેજ, તા. ૨૩

કાંકરેજના શિહોરી-થરા - ખિમાણા સહિતની બેંકો જેવી કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, બેંક ઓફ બરોડા, દેના બેંકના એટીએમ બંધ હાલતમાં જોવા મળ્યા હતા. જોકે જાણી બુઝીને તંત્ર દ્વારા આવુ કરવામાં નથી આવ્યું પરંતુ એટીએમના સેન્સર બદલવા માટે બંધ હોઈ શકે અથવા તો નવી ૫૦૦ના દરની ચલણી નોટો હજુ સુધી અહિયા આવી નથી અને ૧૦૦ની નોટો એક્ષેપ ન થતી હોવાથી ટેકનિકલ ખામીઓ ઉભી થઈ હોય તેવું સ્પષ્ટ પણે દેખાઈ રહ્યું છે.

આ બાબતે ખુદ દેના, એસબીઆઈ અને બેંક ઓફ બરોડાના મેનેજરો પણ મુંઝવણમાં મુકાયા છે. લોકોને પડતી નાણાંની ભીડ વિશે દરેક કર્મચારી માહિતીગાર છે પરંતુ લોકોને અગવડતા ન પડે એ માટે એસબીઆઈમાં ૨૦૦૦ રૂપિયા સુધી આપવાની કામગીરી ચાલુ છે. જ્યારે દેનાબેંકના એટીએમનું સોફ્ટવેર નવું નાંખવામાં આવે તો જ ચાલુ થાય તેવી વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે.

આમ અત્યારે બેંકોના એટીએમ શોભાના ગાંઠિયા સમાન ભાસી રહ્યા છે. હવે સરકાર શું પગલા લે છે તેમજ મુંબઈથી ડેટા એક્ષેપ કરતી બેંક શું કરે છે તે વિશે લોકોમાં તરહ તરહના સવાલો ઉઠવા પામ્યા છે. નવી ૫૦૦ અને ૨૦૦૦ની નોટોની સાથે ૧૦૦ અને ૫૦ની નોટ બજારમાં ક્યારે છૂટથી જોવા મળશે અને આમ પ્રજાની મુશ્કેલી ક્યારે દૂર થશે તે તો આવનાર સમય જ બતાવશે.







# અરવલ્લી જિલ્લામાં ૧૪મા દિવસે પણ રોકડના ધાંધીયા

## મોડાસામાં નવી નોટના અભાવે બેંકની લાઈનોમાં ઘટાડો

મોડાસા, તા. ૨૩

ભારત સરકારના નોટબંધીના નિર્ણયના પગલે સમગ્ર દેશની સાથે અરવલ્લી જિલ્લામાં પણ સામાન્ય પ્રજા ભારે અગવડ અનુભવી રહી છે. પરંતુ છેલ્લા ૧૩ દિવસની સરખામણીએ બુધવારે મોટાભાગની બેંકો તથા એટીએમ સેન્ટરો પર નવી નોટોના અભાવે લોકોની કતારો ઓછી જોવા મળી હતી. અરવલ્લી જિલ્લાની બેંકોમાં નવી નોટના ઠેકાણા નથી અને રૂ. ૫૦ તથા ૧૦૦ની નોટોનો જથ્થો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હોઈ લોકોને નાણા આપવામાં બેંકો નિષ્ફળ જઈ રહી છે. આમ આદમીને જીવન નિર્વાહ ચલાવવા રીતસર ફાંફા મારવા પડી રહ્યા છે.

કરિયાણાના નાના વેપારીઓના ધંધાઓ લગભગ ઠપ્પ થઈ ગયાનું જાણવા મળ્યું છે.

અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો તેમજ કેટલાક વેપારી સેન્ટરોમાં ગામડાઓની પ્રજાજનોને કેટલાક લેભાગુ તત્વો અને વેપારીઓ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં નેશનલાઈઝ્ડ બેંકોના અભાવે ગરીબ અને જરૂરીયાતમંદ વાળા લોકો પાસે રહેલી રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની જૂની નોટોની બદલી આપવામાં કે પછી ઘરવખરી ખરીદવામાં વીસ ટકા જેટલા રૂપિયા કાપી લેવામાં આવતા હોવાની સમગ્ર જિલ્લામાં બૂમ ઉઠી છે. ગ્રામ્ય વિસ્તારોમાં પશુપાલકો અને ખેડૂતોની હાલત કફોડી થવાની સાથે મજૂરી કરવા લોકોને નોટબંધીના




મોડાસા શહેરની ૧૦ વધુ નેશનલાઈઝ્ડ બેંકોમાં લોકોની લાઈનો એકાએક જોવા નહિ મળતા આ બાબતે કરેલી તપાસમાં બેંકોમાં હજી પણ ૫૦૦ અને રૂ. ૨૦૦૦ની નવી નોટો જુની રદ થયેલી નોટો અપૂરતો જથ્થો હોવાનું કારણ રજૂ કરી બેંકોવાળા બદલી ન આપતા હોવાનું જાણવા મળ્યુ હતુ. જિલ્લામાં નોટબંધીના નિર્ણય બાદ આજે સતત ૧૪મા દિવસે બેંકોમાંથી રૂ. ૨૦, ૫૦ અને ૧૦૦ની નોટો ગ્રાહકોને મળતી નથી. બજારમાં નાની નોટો ફરતી લગભગ બંધ થઈ જવાના આરે હોવાથી શાકભાજી, ફળ વેચતા લારી-ગલ્લાવાળાઓ તથા અનાજ-પગલે મજૂરી ન મળતા સરકાર દ્વારા લેવાયેલા એકાએક નોટબંધીના પગલા સામે આક્રોશ ભભુકી ઉઠ્યો છે. ગ્રામ્ય વિસ્તારો તેમજ શહેરી વિસ્તારોમાં આવેલી કરિયાણાની દુકાનોમાં ઉધાર માલ-સામાન મેળવી તેમજ દુકાનદારો દ્વારા જીવન જરૂરીયાત ચીજવસ્તુઓ ઉધાર આપી સુખ-દુઃખમાં ભાગીદાર બની રહ્યા છે. ત્યારે આગામી સમયમાં પુરતા પ્રમાણમાં કરીયાણુ અને જીવન જરૂરીયાત ચીજવસ્તુઓ નોટબંધીના અભાવે મોંઘુ થવાનો ભય લોકોને સતાવી રહ્યો છે. ગ્રામજનોમાં ઝડપથી પહેલા જેવો વ્યવહાર નવી નોટોથી સરળ બને તેવી રાહ જોઈ રહ્યા છે.

## કાંકરેજના વડા ગામે એક જ કુટુંબના બે ભાઈઓ વચ્ચે મારા-મારી

કાંકેરજના વડા ખાતે રહેતા અને ખેતીનો ધંધો કરતા ઠાકોર બાબુજી પચાણજી તથા ઠાકોર બચુજી લાલજી બન્ને રહે. વડા જે કુટુંબી ભાઈઓ થાય છે. પરંતુ જમીન બાબતે બોલાચાલી થતાં મામલો બિચક્યો હતો અને મારા-મારી સુધી પહોંચ્યો હતો. જો કે ઈજાગ્રસ્ત બાબુજી ઠાકોરને માથામાં તલવારનો ઘા વાગતા થરા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જ્યારે હૂમલો કરનાર ઠાકોર બચુજી લાલજી નાશી છુટ્યો હતો. જો કે પોલીસ સ્ટેશનમાં આ બાબતે સમાચાર લખાય ત્યાં સુધી કોઈ ગુનો દાખલ થયેલ નથી આમ એકજ કુટુંબના બન્ને ભાઈઓ વચ્ચે લાહિયાળ જંગ ખેલાયો હતો.

# નડીયાદમાં બોગસ નિકાહનામુ કરનાર પાંચ સામે ફરિયાદ નોંધાઈ

નડિયાદ, તા. ૨૨

નડિયાદમાં ચકચારી લવજેહાદ પ્રકરણમાં એક નવો વળાંક આવ્યો છે. દોઢ વર્ષ પહેલા થયેલા પટેલ જ્ઞાતિની ૨૧ વર્ષીય મેડીકલમાં અભ્યાસ કરતી યુવતિને નડિયાદનો બુટલેગર માસુમ કાળુભાઈ મહિડા પોતાની પ્રેમજાળમાં ફસાવી, રાજસ્થાનના ઉદેપુરમાં બોગસ નિકાહનામુ બનાવ્યુ હતુ. જે સંદર્ભે માસુમ મહિલા સહિત તેમાં મદદગારી કરનાર ઈસમો વિરૂદ્ધ નડિયાદ પશ્ચિમ પોલીસમથકે ફરિયાદ નોંધવાનો હૂકમ કર્યો હતો.

મળતી માહિતી મુજબ નડિયાદના ઈડનગાર્ડન સોસાયટી પાસે રહેતા અને કુખ્યાત બુટલેગર માસુમ કાળુભાઈ મહિડા નડિયાદની એક પટેલ જ્ઞાતિની યુવતિને તેની પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યારબાદ આ યુવતિને ધાકધમકી આપી ભગાડી ગયો હતો. તેણે રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના માવલી ગામે મુસ્લિમ રિવાજ મુજબ નિકાહ પઢ્યા હોવાનું તથા નિકાહ પઢતા હોય તે પ્રકારની ફોટોગ્રાફી કરી, યુવતિને બળજબરીપૂર્વક પોતાના ઘરે લઈ ગયો હતો. દરમિયાન યુવતિ એક વર્ષ પહેલા ભાગીને પોતાના ઘરે આવી ગઈ હતી. માસુમ મહિડાએ ખોટુ નિકાહનામુ તૈયાર કરાવી યુવતિના ધર્મ પરિવર્તન અંગે સમયમર્યાદામાં જિલ્લા મેજીસ્ટ્રેટને જાણ કરી ન હતી. પોલીસ તપાસમાં તેના મળતિયાઓ સુલતાનમિંયા બાબુમિંયા શેખ (રહે. નડિયાદ), મહંમદઅસ્ફાક ગુલામઅહેમદ મલેક (વકીલ, રહે. મહુધા)ની મદદથી ખોટા દસ્તાવેજી પુરાવાઓ બનાવેલાનું જણાઈ આવ્યું હતું. માવલી ખાતે તપાસ કરતાં આવા કોઈ નિકાહ થયેલાની હકીકત મળી આવી નહતી. ભોગ બનનાર યુવતિને મુસ્લિમ શરિયત મુજબ નિકાહ કરાવનાર કાજી પણ મળી આવેલ નહતો. જેથી માસુમ મહિડા તથા તેના સહઆરોપીઓએ ધર્મ પરિવર્તન અંગેની ખોટી વિધિ કરેલ છે.

માસુમ મહિડાએ ગુજરાત ધર્મ સ્વાતંત્ર અધિનિયમ ૨૦૦૩ની કલમોનો ભંગ કર્યો હોય તેમજ આ કામના મુસ્તુફાખાન મહેબુબખાન પઠાણ (રહે. મિત્રાલ), મુસ્તુફાભાઈ અબ્દુલભાઈ વ્હોરા (રહે. કરોલી), સુલતાનમિંયા બાબુમિયા શેખ (રહે. નડિયાદ), મહંમદઅસ્ફાક ગુલામઅહેમદ મલેક (વકીલ. રહે. મહુધા)નાઓએ બળજબરીપૂર્ક ધાકધમકી આપી ખોટા દસ્તાવેજી પુરાવા ઉભા કરી કોર્ટને ગેરમાર્ગે દોરવાનો ગુનો કરેલ છે. જે સંદર્ભે તેમની વિરૂદ્ધ કાયદેસરની ફરિયાદ દાખલ કરવા સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ હૂકમ કર્યો હોવાનું વકીલ કેતનભાઈ પટેલે જણાવ્યું હતું.

## ધોલવાણી ગામમાં શ્રીમદ્ ભાગવત પારાયણ જ્ઞાન યજ્ઞ સપ્તાહ શુભારંભ

ભિલોડા,તા.૨૩

ભિલોડા તાલુકાના ધોલવાણી ગામમાં વિશ્વકર્મા બારેશી પંચાલ સેવા સમાજવાડી પટ્ટાંગણમાં શ્રીમદ્ ભાગવત પારાયણ જ્ઞાન યજ્ઞ સપ્તાહ તા.૨૩/૧૧/૨૦૧૬ ને બુધવારના રોજ શુભારંભ યોજાયો. વ્યાસ પીઠાધીશ્વર પરમ પૂજ્ય સંત શ્યામ સુંદરદાસ બાપુ (વસાઈવાળા) ભાવિક ભક્તોને ભક્તિમય રસપાન તા.૨૩/૧૧/૨૦૧૬ ને બુધવાર થી તા.૨૮/૧૧/૨૦૧૬ ને સોમવારના રોજ સુધી કરાવશે અને કથાની પુર્ણાહુતિના દિને ભાવિક ભક્તો માટે મહાપ્રસાદીનું આયોજન રાખેલ છે.

## બનાસકાંઠા જિલ્લામાં વિવિધ કેન્દ્રો પર ટેકાના ભાવે મગફળીની ખરીદી

પાલનપુર, તા. ૨૩

મગફળીના ભાવો નીચે જતા રાજ્ય સરકાર દ્વારા મગફળી ૮૪૪/-પ્રતિ ૨૦ કિ.ગ્રા.ના ભાવે ખરીદી ચાલુ કરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લામાં હાલમાં માર્કેટયાર્ડ ડીસા, પાલનપુર, થરાદ, થરા અને ધાનેરા ખાતે ખરીદ કેન્દ્રો ચાલુ કરવામાં આવ્યા છે. ખેડૂતોની માંગણીને ધ્યાને રાખી હવે પછીથી વડગામ, અમીરગઢ, ઢીમા, દાંતા, દિયોદર, લાખણી, ભાભર, ભીલડી અને પાંથાવાડા ખાતે ખરીદ કેન્દ્રો ચાલુ કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લાના મગફળી પાક વાવતા ખેડૂત મિત્રોને ટેકાના ભાવનો લાભ લેવા ૭/૧૨ અને ૮(અ)ના ઉતારા, પાણીપત્રક અથવા ખરીફ મગફળી પાકનું વાવેતર કરેલ અંગેનો તલાટીનો દાખલો, બેંકની પાસબુક અને આધાર કાર્ડ અથવા ચૂંટણી કાર્ડ સહિતના પુરાવા સાથે મગફળીની ખરીદી કરાયા બાદ નાણા જે તે ખેડૂતના બેંક ખાતામાં સીધા જમાં થાય તેવું આયોજન સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.




**નરેન્દ્ર મોદી વિચાર મંચ (ગુજરાત) પ્રદેશનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો**

નરેન્દ્ર મોદી વિચાર મંચ પ્રદેશ કક્ષાનું નવા વર્ષનું સ્નેહ મિલન કાર્યક્રમ સરકીટ હાઉસ ગાંધીનગર ખાતે યોજાયું હતું. જેમાં પ્રદેશના તમામ હોદેદારો, તાલુકા, જિલ્લા તેમજ શહેરના હોદેદારો પણ ઉપસ્થિત રહી નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે નરેન્દ્ર મોદી વિચાર મંચના અગ્રણીઓએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કાળા નાણાને નાથવાના ભાગરૂપે રૂપિયા પાંચસો અને એક હજારની નોટોને ચલણમાંથી દુર કરી આ દેશની આર્થિક અસમાનતા દૂર કરવા રાષ્ટ્રને આર્થિક ક્ષેત્રે મજબુત બનાવવાના ભગીરથ કાર્યને ચારે તરફથી આવકાર મળી રહ્યો છે. પરંતુ કેટલાક રાષ્ટ્ર વિરોધી તત્વો પોતાના સ્વાર્થ ખાતર આવા દેશ હિતના કાર્યને લોકો સમક્ષ ખોટી રીતે પેશ કરીને રાષ્ટ્રની જનતાને ગુમરાહ કરવાની પ્રવૃતિ કરી રહ્યા છે. ત્યારે જનતાને અપીલ કરી હતી કે કોઈ વાતોમાં ન આવી ભગીરથ કાર્યને સમર્થન આપી રાષ્ટ્રની એકતાને મજબુત બનાવવા હાંકલ કરી હતી.

## અમદાવાદ ખાતે નાગર જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

મોટાચેખલા, તા. ૨૩

નાગર યુવાનો માટે જીવનસાથી પસંદગી સંમેલન સમગ્ર ગુજરાત નાગર પરિષદ મહામંડળના ઉપક્રમે નાગર યુવક તથા યુવતીઓ માટે ૨૦મુ જીવનસાથી પસંદગી સંમેલન તા. ૧-૧-૨૦૧૭ને રવિવારના રોજ અમદાવાદ ખાતે યોજાનાર છે. અગાઉ આવા સંમેલનો થકી ૭૫૦૦ થી વધુ યુગલો લગ્નગ્રંથીથી પરસ્પર જોડાયા છે. આ સંમેલનમાં ભાગ લેવા માંગતા હોય તેવા યુવક-યુવતીઓએ સમગ્ર ગુજરાત નાગરક પરિષદ ૪૯૮, જેઠાભાઈની પોળ, ખાડીયાથી વિના મુલ્યે ફોર્મ મળી શકશે. સંસ્થાના પ્રમુખ નરેશ રાજા તથા ચેરમેન અરૂણ બુચ (ગાંધીનગર), મહામંત્રી ધર્મેન્દ્ર દેસાઈએ જણાવ્યું છે કે ભરેલા આવેદનપત્રો મોડામાં મોડા તા. ૨૦-૧૨-૨૦૧૬ સુધીમાં જમા કરાવવાના રહેશે. તેમજ ગુજરાતમાં વસતા નાગર યુવક-યુવતીઓ માટે દરેક જિલ્લા ઉપર પ્રતિનિધિઓની નિમણુંક કરવામાં આવેલી છે.

# નાગરિકોના પ્રશ્નોના નિરાકરણ માટે અધિકારીઓ સંવેદનશીલતા દાખવે : કલેક્ટર

મહેસાણા, તા. ૨૩

રાજયના વહિવટમાં ગતિશીલતા, પારદર્શિતા તથા સંવેદનસીલતાની અનુભૂતિ પ્રજાને થઈ શકે તેમજ પ્રજાની સામુહિકલક્ષી રજુઆતોના ઉકેલની ઝડપ વધે તે હેતુથી પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજવામાં આવે છે. મહેસાણા જિલ્લામાં પ્રગતિ સેતુના કાર્યક્રમનો પ્રારંભ કડી પ્રાન્ત કક્ષાએથી કરવામાં આવ્યો હતો. કડી ટાઉન હોલ ખાતે જિલ્લા કલેક્ટર આલોક કુમારના અધ્યક્ષ સ્થાને પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કડી ખાતે યોજાયેલ પ્રગતિ સેતુ કાર્યક્રમમાં ૪૦થી વધુ સામુહિક પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ કરવામાં આવ્યું હતું.

કડી પ્રગતિ સેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા કલેક્ટર આલોક કુમારે જણાવ્યું હતું કે નાગરિકોને સ્પર્શતી સામુહિક રજુઆતોનો સ્થળ પર ઉકેલ આવી શકે તેમજ વહીવટી ગતિશીલતા અને પારદર્શીતા તથા સંવેદનશીલતા અનુભુતિ પ્રજાને થઈ શકે તે હેતુથી જિલ્લામાં પ્રગતિ સેતુ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જિલ્લાના અધિકારીઓએ પ્રજાના પ્રશ્નોના નિરાકરણ માટે સંવેદન થવું જરૂરી છે તેમ જણાવ્યું હતું. જિલ્લા કલેક્ટરે વધુમાં જણાવ્યું હતું કે અધિકારીઓ પ્રજા હિતમાં પ્રજાની સુખાકારી માટે કામ કરે તે જરૂરી છે. પ્રગતિ સેતુ કાર્યક્રમની સફળતા નાગરિકોના પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ છે.

કડી પ્રાન્ત કક્ષાના પ્રગતિ સેતુ કાર્યક્રમમાં વીજળી, પાણી, રસ્તા, દબાણ, આરોગ્ય, કાયદો અને વ્યવસ્થા, મહેસુલી પ્રશ્નો સહિત વિવિધ સામુહિક પ્રશ્નોની રજુઆત અરજદારો દ્વારા કરાઈ હતી. અરજદારો દ્વારા રજુ કરાયેલ પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ કરવામાં આવી હતી.

પ્રગતિ સેતુ કાર્યક્રમમાં ઉજ્જવલા યોજના અંતર્ગત ગરીબ મહિલા લાભાર્થીઓને ગેસ જોડાણ આપવામાં આવ્યા હતા. લોકાભિમુખ પ્રશાસન અંતર્ગત સામુહિક સમસ્યાઓની રજુઆતોના સમાધાનના આ કાર્યક્રમમાં જિલ્લા પોલીસ અધિક્ષક ચૈતન્ય મંડિલક, આસિસ્ટન્ટ કલેક્ટર અરૂણ મહેશ બાબુ, ધારાસભ્ય રમેશ ચાવડા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ડી.એલ. પરમાર, જિલ્લા વન અધિકારી વાય.એલ. વર્મા, કડી પ્રાન્ત અધિકારી એચ.એસ. પટેલ, આઈ.એ.એસ. અધિકારી મિહીર પટેલ, તાલુકા પંચાયત, નગરપાલિકાના પ્રમુખ એ.પી.એમ.સી. ચેરમેન વિનોદભાઈ પટેલ સહિત જિલ્લાના અધિકારીઓ, પદાધિકારીઓ, અરજદારો, સરપંચો, તલાટીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૬૨ મહિલા લોકરક્ષકની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ

## ૮ મહિનાની સઘન તાલીમ બાદ પાલનપુર ખાતે મહિલા પોલીસની દિક્ષાંત પરેડ યોજાઈ : સેવા સુરક્ષા અને સલામતીના મંત્રને સાકાર કરી પ્રજાના મિત્ર બની લોકોની સેવા કરીએ : કલેક્ટર

પાલનપુર, તા. ૨૩

ભરતી પરીક્ષામાં પાસ થયેલ ૧૬૨ મહિલા લોકરક્ષક પોલીસને બનાસકાંઠા જિલ્લા પોલીસ દ્વારા છેલ્લા આઠ ૮ મહિનાથી સઘન તાલીમ આપવામાં આવી રહી હતી. આ તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ થતાં તેમની દિક્ષાંત પરેડ બનાસકાંઠા કલેકટર જેનુ દેવનના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં શ્રેષ્ઠ ૧૧ તાલીમાર્થીઓનું પુસ્કાર, ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. કલેકટરે મહિલા લોકરક્ષકોને સત્યનિષ્ઠા અને ભારતના સંવિધાન પ્રત્યે સાચી શ્રધ્ધા રાખી સેવા કરવાના શપથ લેવડાવ્યા હતા.

આ પ્રસંગે કલેકટર જેનુ દેવને જણાવ્યું કે રોજગારીની તકો વધે તે માટે રાજય સરકાર ધ્વારા વિવિધ પદો પર પરીક્ષાઓ લઈને ભરતી કરવામાં આવે છે. તેમણે કહ્યું કે મહિલાઓના સશક્તિકરણ માટે પોલીસ વિભાગમાં ૩૩ ટકા મહિલાઓની ભરતી કરવાનો નિર્ણય સરકાર ધ્વારા કરવામાં આવ્યો છે. જે અનુસાર સારી સંખ્યામાં મહિલાઓને નોકરી કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. તેમણે કહ્યું કે પોલીસમાં ભરતી થયેલ યુવાનોને તાલીમ આપવા પાલનપુર ખાતે ૨૦૧૧થી તાલીમ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. તેમાં અત્યાર સુધી ત્રીજી બેન્ચને તાલીમ આપવામાં આવી છે. કલેકટરે નવનિયુકત મહિલા પોલીસ લોક રક્ષકોને કહ્યું કે સેવા, સુરક્ષા અને સલામતિના મંત્રને સાકાર કરી પ્રજાના મિત્ર બની લોકોની સેવા કરીએ. તેમણે મહિલા લોકરક્ષકોને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.





## રાયગઢ ગામમાં કાલ ભૈરવ દાદાની જન્મ જયંતીની ઉજવણી

ભિલોડા,તા.૨૩

હિંમતનગર-ઉદયપુર નેશનલ હાઈવે નંબર.૮ ઉપર આવેલ હિંમતનગર તાલુકાના રાયગઢ ગામમાં કાલ ભૈરવ દાદાના પૌરાણિક મંદીરમાં કાલ ભૈરવ દાદાની જન્મ જયંતી નિમિત્તે મહાયજ્ઞ, ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. રાયગઢ ગામના સેવાભાવી નારણભાઈ પટેલ ધ્વારા કાલ ભૈરવ દાદાની જન્મ જયંતી નિમિત્તે ભાવિક ભક્તો માટે મહા પ્રસાદીનું આયોજન કર્યું હતું. રાયગઢ યુવા અર્બુદા મંડળ સેવાભાવી નવયુવાનો, ગ્રામજનો ધ્વારા મહાયજ્ઞનું આયોજન કરાયું હતું.